Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્માનંદ પ્રકાશ



આત્મ સંવત ૯૧ વીર સં. (ચાલુ) ૨૫૧૨
વિક્રમ સંવત ૨૦૪૨ અષાડ

## : પદ–૮ :

### પ. પૂ. આનન્દઘનજી મહારાજ સાહેબ

(શાખી)

આતમ અનુભવ ફૂલકી, નવલી કોઉ રીત,
નાક ન પકરે વાસના, કાન ગ્રહે ન પ્રતીત. ૧.

ભાવાર્થ :- આત્માના અનુભવ જ્ઞાનરૂપ પુષ્પની કોઈ જુદા પ્રકારની રીત છે, કારણ કે નાકને તેની વાસ આવતી નથી. કાનમાં તેનો અવાજ કોઈ રીતે સંભળાતો નથી.

(રાગ ધન્યાશ્રી)

અનુભવ નાથકું કયું ન જગાવે,
મમતા સંગસો પાય અજાગલ, થન તેં દૂધ દુહાવે (૧)

મેરે કહેતેં ખીજ ન કીજે તું ઐસીહી શીખાવે,
બહોત કહેતેં લાગત ઐસી, અંગુલી સાપ દીખાવે (૨)

ભાવાર્થ :- ચેતના રૂપ સ્ત્રી, અનુભવને કહે છે. "હે અનુભવ! તૂં તારા આત્મારૂપ સ્વામીને કેમ જગાડતો નથી. મમતાની સંગતિથી તે બકરીના ગળામાં રહેલ સ્તનમાંથી શું દૂધ દોહી સકશે ?

(અનુસંધાન ટાઇટલ પેજ ૨ પર જુઓ)

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

પુસ્તક : ૮૩ ] જુલાઈ–૧૯૮૬ [ અંક : ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા



| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | સ્તુતિ | | ૧૨૫ |
| (૨) | સમપર્ણ | પ.પૂ. આચાર્ય શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી | ૧૬૨ |
| (૩) | સમતા–વડેજ–શાંતિ, | પૂ.આ. દેવમાનતુંગસૂરીશ્વરજી મ. સાહેબ | ૧૨૭ |
| (૪) | વીસમી–સદીનો–ચમત્કાર | વસંતલાલ કાંતિલાલ ઈશ્વરલાલ | ૧૨૮ |
| (૫) | ગીત | — | ૧૩૦ |
| (૬) | કલાકેલી નૃપતિનું દષ્ટાંત | પ. પૂ. કુંદકુંદવિજય ગણિ | ૧૩૧ |
| (૭) | ઉત્કૃષ્ટ મૈત્રી ભાવના | ભદ્રબાળ | ૧૩૨ |
| (૮) | શ્રી સમી તા. દુષ્કાળ, રાહત સમિતિ | — | ૧૩૪ |
| (૯) | "હું એકલો છું" | સંકલન : હીરાલાલ બી. શાહ | ૧૩૬ |
| (૧૦) | સફળ છે ! | રતિલાલ માણેકચંદ શાહ | ૧૩૭ |
| (૧૧) | વિજય કી વિદ્યા | — | ૧૩૯ |
| (૧૨) | શલ્ય | — | ૧૩૯ |
| (૧૩) | દીવાદાંડીના અજવાળાં | પ.પૂ. આ દેવશ્રી આનંદસૂરીશ્વરજી મહારાજ | ૧૪૦ |



( અનુસંધાન ટાઈટલ પેજ ૧નું ચાલુ )

હે અનુભવ ! તૂં મારા પર આ કહેવાથી ખેદ લાવીશ નહીં. તૂંજ મને જણાવે છે કે મમતાના સંગે ચેતન સુખ પામી શકતો નથી. તને ઘણું કહેવાથી કદાપિ અંગુલી–સર્પ ન્યાય પ્રમાણે ખેદ થાય એમ લાગે. ( વારંવાર કહેવાથી અંગુલી સર્પ જેવી લાગે છે – તે અંગુલી સર્પ ન્યાય કહેવાય છે ) તથાપિ હે અનુભવ ! તારામાં અપૂર્વ શક્તિ છે, તેથી તૂં ચેતનને મનાવી ઠેકાણે લાવ.

ઔરન કે સંગે રાચે ચેતન, ચેતન આપ બતાવે,
આનંદઘનકી સુમતિ આનંદા, સિદ્ધ સ્વરૂપ કહાવે. (૩)

**ભાવાર્થ** :- આત્મારૂપ સ્વામી મમતાના સંગમાં રાચે છે. તે પોતે જ પરભાવ રમણતાથી બતાવી આપે છે. જો તેને આનન્દ વાળી સુમતિની સંગતિ હોત, તો આવી દશા થાત નહી. જો સુમતિની સંગતિ કરે તો ખરેખર તે સિદ્ધબુદ્ધ પરમાત્મા થાય. તેથી હે અનુભવ ! મારી વાત તૂં સ્વામીને ગળે ઉતાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પોપટલાલ રવજીભાઇ સલોત

વર્ષ : ૮૩ ] વિ. સં. ૨૦૪૨ અષાડ : જુલાઈ-૧૯૮૬ [ અંક : ૯


## શ્રીમદ આનન્દઘન જીવન ચરિત

### સ્તુતિ : ( હરિગીત )

ત્હારા હૃદયના તારમાં ધ્વનિયો ઉઠે મીઠી ઘણી,
એ શાન્તરસ પ્રસરાવતી મીઠી મઝાની મોરલી.
ધ્વનિયો ઉઠે તેથી અહો ! પદ સૃષ્ટિની રચના થતી,
એ સૃષ્ટિમાંહી યોગીઓ વિના અવરની ના ગતિ.

ત્હારા હૃદયના તારના શુભ તાનમાં આનન્દતા,
શુભતાન પદ રસિયા ભ્રમરની ઉચ્ચ ભૂમિ ઊર્ધ્વતા.
ત્હારા હૃદયની ગૂઢતા ત્યાં મૂઢ જનની મૂઢતા,
જે જ્ઞાનયોગી હોય તે જાણે ખરી તવ શુદ્ધતા.

જીવ્યો અને જીવાડતો તું લોકને શુભ ભાવમાં,
અધ્યાત્મ રસિયા જે થયા બેઠા ખરે શુભ નાવમાં.
જિનવર સ્તવ્યા સ્તવનો રચી, ઉભરા હૃદય પ્રગટાવીને
અધ્યાત્મપદ શોભા કરી, અન્તર પ્રભુતા ભાવીને.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમર્પણ

પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી

જૂના સમયમાં ઘટેલી ઘટના સાચી છે. એક રાજયે બીજા રાજય પર આક્રમણ કર્યું. રાજયના મંત્રી હતા કલ્પક જાતે બ્રાહ્મણ છતાં ઉત્તમ શ્રાવક અહિંસાના પરમસાધક અને ઉપાસક. તેમના આચારમાં ડગલે ને પગલે અહિંસાનું દર્શન થતું.

પડોશી રાજયના રાજકુમારે રાજયને ઘેર્યું હતું કલ્પકે વિચાર્યું હવે કંઈક કરવું પડશે. કશોક માર્ગ ખોળવો પડશે. હાથમાં સફેદ ધ્વજ લઇ, દુશ્મનના રાજવીને તે મળ્યો. તે હતો કલ્પકનો જૂનો શિષ્ય પાસે જઇને કહ્યું, યાદ છે રાજકુમાર, તમને મેં વિદ્યા ભણાવી છે? "હા, ગુરુદેવ"-રાજકુમાર કહ્યું, "હું આજે મારી ગુરૂદક્ષિણા માગવા આવ્યો છું."

– કલ્પકે કહ્યું.

રાજકુમાર ચતુર હતો તેણે કહ્યુ, "યુદ્ધ બંધ કરવા સિવાય, બીજું જે કંઈ માગો તે આપીશ." કલ્પકે કહ્યું, જો ભાઈ ગુરૂદક્ષિણા તે કહેવાય કે જે ગુરૂ માગે તે આપવું. શિષ્ય નકકી કરે-તે ચાલે નહિ."

રાજકુમારે કહ્યુ, "તમે માગશો તે આપીશ."

"તો હું માગું છું કે આ યુદ્ધ બંધ થાય"

– કલ્પકે કહ્યું.

રાજકુમારે કહ્યું, "મેં વચન આપ્યું છે, તેથી હું પાળીશ. પરંતુ તમે સામેના તળાવમાં ડુબકી મારો અને જેટલો સમય પાણીમાં રહો તેટલો વખત. યુદ્ધ કાયમને માટે બંધ રહે તેવું તો આપે મારી પાસેથી માગ્યું નથીને?

રાજકુમારના શબ્દો સાંભળતાં કલ્પકનું મન પ્રસન્નતાથી ભરાઈ ગયું. તેના પર આનંદની ઝલક છવાઇ પરંતુ કોઇ તેનું રહસ્ય પામી શકયા નહિ પોતાના સાથી મિત્રો પાસે જઇને વાત કરી સૌ વિચારમાં પડી ગયા. પાણીમાં કેટલો સમય રહેવાય? બહુ-બહુ તો એકાદ બે મિનિટ તેમાં મંત્રી આટલા બધા આનંદ મગ્ન કાં?

મંત્રીએ અંદર જઇ પોતાના વસ્ત્રોના ખિસ્સામાં ભારે પથ્થરો ભરી દીધાં. તળાવ તરફ પ્રસન્ન મને ડગલા માંડયા, "પ્રભુનો કેટલો ઉપકાર? તેમણે મને લોક કલ્યાણ માટેની તક આપી, જીવન સમર્પણની મારી ઇચ્છા સાર્થક થઈ રહી છે"

કલ્પકે તળાવમાં પ્રવેશ કર્યો. સામે કાંઠે દુશ્મન રાજકુમાર અને તેનું સૈન્ય ઉભુ હતું. હમણા કલ્પક બહાર આવશે. આપણે તરતજ આક્રમણ શરૂ કરશું.

પણ આ શું? મિનિટ પર મિનિટ જાય છે ને કલ્પક કાં ન નાકળે? રાજકુમાર વિચારમાં પડી ગયો, જયારે તેને આખી ઘટનાની જાણ થઈ ત્યારે તેના મનને આંચકો લાગ્યો. ગુરૂ પાણીમાં રહેશે, ત્યા સુધી પોતે યુદ્ધ નહી કરે તેવું વચન આપેલ છે, રાજકુમારે પોતાના શસ્ત્રો તળાવમાં ફેંકી દીધાં અને મોટે અવાજે કહ્યું, "હું હવે જીવન પર્યંત કયારેય યુદ્ધ નહીં કરૂ," કલ્પકમાં સમર્પણ એક યુદ્ધ અને તેની હિંસા અટકાવી, એટલું જ નહિ રાજકુમારને સદા માટે અહિંસક બનાવી દીધો, અહિંસાના પાલન માટે આવી સમર્પણ ભાવના અને સમય આવ્યે તેને આચારમાં મુકવાની તત્પરતા હોય તો અહિંસા જ જીવંત અને સાચી અહિંસા છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમતા-વડેજ-શાંતિ

● પૂ. આ. દેવ માનતુંગસૂરીશ્વરજી મ. સાહેબ ●

વૈરાગ્ય અને તત્વદષ્ટિનો ભંડાર, એવા આત્મા સમતા અને શુદ્ધ-સ્વભાવને ભૂલીને મૂઢ બની જાય છે, ડાહ્યો ગણવા છતાં ગમાર જેવી ચેષ્ટા કરે છે.

આ સંસારમાં કોઈ જીવો કે જડ સાધનો આપણા નથી, સાથે લાવ્યા નથી, સાથે લઈ જવાના નથી. અહિં ઘણા હોય, તો પણ આપણું કોઇ કલ્યાણ કરવાના નથી, આવું જાણવા છતાં, પરને પોતાના માની, એનીજ મહેનતમાં રાચતો માચતો રહે, પરમાત્માને ભૂલે, આત્માને ન સંભારે

પરભવમાં જવાનું છે, એ સ્પષ્ટ હોવા છતા, પરભવની ચિંતા જરાપણ ન કરે, એ સમજદાર કેમ કહેવાય?

સંસારમાં સહુ કર્મને વશ છે, કર્મના કારણેજ બધાયને સુખદુઃખ આવે છે, કર્મના ઉદયથી અને એ આવવામાં બાહ્ય કારણો નિમિત્તરૂપે હોય, નિમિત ઉપર રાગ કે દ્વેષ કરવાથી આપણને પોતાને જ નુકશાન થાય.

ભગવાન મહાવીર દેવના પરમ-ભકત, તે સમયના એક મહાન રાજયના માલીક, ઘણા પરિવાર વાળા, ઘણું જ સુખ સાહ્યબી ભોગવનારા શ્રેણિક મહારાજાને, જીવનની અંતે પોતાનાજ પુત્રો તરફથી જે દુઃખ આવ્યું, તે સાંભળતાં-કંપારી આવે તેવું છે, આવા સુખીને આવા દુઃખ કેમ આવે?

એનો જવાબ સદાય એકજ વિચારવાનો કે કર્મસતા ભયંકર છે, કર્મ કોઇને છોડે નહિ, કોઈના કર્મ બીજા કોઈ ભોગવે નહિ, આપણા કર્મને આપણે જ અવશ્ય ભોગવવા પડે, જેવા બંધાયા હોય, તેવા ભોગવ્યા વિના ચાલે નહિ.

સુખમાં હર્ષનો આવેશ, દુઃખમાં ખેદ કે ઈર્ષાનો આવેશ આ અજ્ઞાનતાના લક્ષણ છે, આત્મા સામે લક્ષ્ય રાખી, પરભવ સુધારવાની ધારણા રાખીને સુખમાં ખૂબ નમ્રતા અને દુઃખમાં ઘણીજ ધીરજ રાખે, તે આ ભવને સુધારે. શાતિ-સમાધિ પામે, જનમ જનમના પાપો ટાળવાની શકિત આવી જાય, એજ આદરવા લાયક છે!!!

## ક્ષમા યાચના

આ માસિક અંકમાં કોઈ અશુદ્ધિ રહી ગઈ હોય અથવા કોઇ ક્ષતિ મુદ્રણ દોષ હોય તો તે માટે મનસા, વચસા, મિચ્છામિ દુક્કડમ્.

-તંત્રી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વીસમી સદીનો ચમત્કાર

[ લેખક : વસંતલાલ કાન્તીલાલ ઇશ્વરલાલ ]

મદ્રાસના રેલ્વે સ્ટેશન પાસે એક આમલીનુ ઝાડ હતું. આ ઝાડ નીચે એક ઝાડુ વેચવાવાળો બેસી રહેતો। રોજ બે આના મળે એટલે ધંધો બંધ કરીને તે પ્રભુ ભજનમાં લીન રહેતો.

મદ્રાસમાં રહેતા એક સજ્જન રિષભદાસજી રોજ તેને જોતા. અને તેમને ખાતરી થઈ કે આ માણસ માત્ર ઝાડુ વેચનાર જ નથી પણ તપોમયી પુણ્યધારાનું તીર્થ છે આવા સંતપુરૂષોની જીવન સાધના વડે જ પૃથ્વીની કલંક કથા ધોવાય છે. ઝાડુવાળાની અલૌકિક આભા પ્રસન્નગંભીર જીવનધનની આગાહી કરતી હતી.

એક દિવસ બે હાથ જોડી શ્રી રિષભદાસે તે ઝાડુવાળાને કહ્યું કે 'બાબાજી! રોજ બે આના કમાવા માટે આ ઝાડુ વેચવાની શી જરૂર છે... મારૂં લોખડનું કારખાનું છે. ત્યાં આપ બીરાજો બે આના તો હું આપીશ પછી આખો દિવસ ભજન કીર્તનની રમઝટ ઉડાડજોને!

બાબાએ માથું ધૂણાવ્યું, અને કહ્યું, નીતિનો પૈસો તે અધ્યાત્મની પહેલી શરત છે પ્રામાણિક શ્રમ વિનાનું દાન સંસાર સાગરનું જીવલેણ વમળ છે.'

'ભલે બાપજી! આપની ઈચ્છા, પણ આ ઝાડુને બદલે કાચના પ્યાલા વેચો તો? વિરાટતાને ધૂમાવતા આ પૂણ્યવંતા હાથમાં ઝાડુ નથી શોભતુ, 'ઠીક છે તેમ કરશું.' અને તેઓ કાચના પ્યાલા વેચવા માંડયા.

રોજ બે આના મળી રહે એટલે ઈશ્વર ભજનમાં લીન બની જતા. ભજન કીર્તનમાં તેઓ એટલા બધા રસનીમગ્ન રહેતા કે તેમના ખોળામાં તોંપનો ગોળો આવી પડે તોય નામ સ્મરણ ન છૂટે.

આમ દિવસ વીતવા લાગ્યા. કારખાનમાં જ્યારે મજુરો માટે મિષ્ટાન્ન થતું ત્યારે શ્રી રિષભદાસજી આ મહાભાગને પણ તે જાતે આપતા. સમાધિનિષ્ઠ સાધુને અન્ન વસ્ત્રાદિનું ભાવથી દાન કરનારને સ્વયં સમાધિ પ્રાપ્ત થાય છે. એમ ભગવાન શ્રી મહાવીરે શ્રી ભગવતી સૂત્રમાં કહ્યું છે.

એકવાર કારખાનામાં લાડવા કરેલા. રિષભદાસએ તે ઝાડુવાળા સંતને છ લાડવા આપ્યા. લાડવા લઇને અવધૂત તો કયાંક ચાલ્યા ગયા. થોડીકવારે પાછા આવ્યા. અને બીજા છ લાડવા લઇ ગયા. પાછા આવ્યા, અને બીજા લાડવા માગ્યા. રિષભદાસજીને આશ્ચર્ય થયું.

નમ્રતાથી રિષભદાસએ પૂછ્યુ કે. 'બાપજી! આ લાડવા આપ કયા લઈ જાવ છો?'

'મારા ભગવાનને આ લાડવા અર્પણ કરૂં છુ' ક્ષણભર સંતભકત રિષભદાસજીને ક્ષોભ થયો. અહિંસાનું દિવ્યામૃત તેમના પ્રત્યેક દેહાણુંમાંથી ટપકતું હતું. તેમને એક જ વિચાર હતો કે, આ લાડવા કયાંય મુકાય અને કીડી-મંકોડા થાય અને કુતરો આવી તે ખાય તો! પ્રત્યેક જીવન પવિત્ર છે બેદરકારીથી પણ તેનો ક્ષય તે વિશ્વશકિતનો દ્રોહ છે. તેમણે કહ્યું, તમારા ભગવાન મને બતાવશો!

'જરૂર, ચાલો મારી સાથે.' એ મહાત્મા, રિષભદાસજીને તેમના ભગવાન પાસે લઇ ગયા. એ ભગવાન હતા. રકતપિત્તિયા લોકો! ત્રીજી-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વાર લીધેલા એ છ લાડુ એ સંતપુરૂષે તેમના હાથે જ રકતપિત્તિઓને ખવડાવ્યા રિષભદાસની આંખમાં એક આંસુ આવી ગયું સંતજનની અકળ જીવનલીલા માપવાની ફુટપટ્ટી આપણી પાસે કયાં છે! આખરે થોડીવાર પછી સંતને બાજુમાં લઈ જઇને રિષભદાસજીએ કહ્યું કે, 'તમારા હાથે જ લોકોને લાડુ ખવડાવવાનો આગ્રહ છોડી દો. રોગ જ ચેપી છે.'

જવાબ આવ્યો; 'આ મારા ભગવાન છે તે શું ભૂલી જાવ છે?'

જયાં પ્રેમની સર્વોચ્ચ આંતરવાચા પ્રગટી છે, ત્યાં દાખલાં દલીલાની માથાકૂટનો શો અર્થ? એમ માનીને રિષભદાસ મૌન રહ્યા.

એ પછી એકાદ વર્ષ મદ્રાસ છોડીને એ 'ઝાડુવાળા' સંત કયાંક જતાં રહ્યાં.

એકવાર રિષભદાસજી દક્ષિણ ભારતના જ કોઈક સ્થળે અગત્યના કામે જતા હતા પણ સ્ટેશને પહોચતાં જ ટ્રેન ચૂકી ગયા! નિશ્ચિત સ્થળે નિશ્ચિત સમયે પહોંચ્યા વિના છુટકો જ નહોતો. આથી સ્ટેશન માસ્તરને પૃછયું. કે ત્યાં પહોચવાનો બીજો કોઈ રસ્તો છે કે નહિ. સ્ટેશન માસ્તરે કહ્યું કે બીજો રસ્તો છે. ચિદંબરમ્ બે કલાક ખોટી થઈ ત્યાંથી ગાડી બદલવી પડે છે. રિષભદાસજીએ ચિદંબરમ્‌ની ટ્રેન પકડી.

ચિદંબરમ્ પહોંચ્યા. બે કલાકનો સમય હાથમાં હતો. સ્ટેશન બહાર ત્યાં વૃક્ષ નીચે પેલા ઝાડુવાળા સંતને બેઠેલા જોયા. તુરત ત્યાં દોડી ગયા. સંતમહાત્માનું આખુ શરીર રકતપિત્તના રોગથી ખવાઈ ગયું હતું. વંદન કરીને રિષભદાસે કહ્યું, બાપજી! મારું કહ્યું માન્યુ હોત, તો આવું ન થાત! 'સંતે હસીને કહ્યું', 'બેટા! આમાં ખરાબ શું થયું છે? જે પ્રભુની હું સેવા કરતો તે જ મારા ઉપર તુષ્ટ થયા છે.' વસ્તુનું યથાર્થ સ્વરૂપ આપણી આંખ સામે ખુલ્લું થાય તો માનવું, કે પ્રભુ તુષ્ટ થયા છે.

'શરીર રોગસ્વરૂપ છે એ હું આ ન થયું હોત તો શી રીતે જાણત? રિષભદાસજી નીચું જોઇ રહ્યા. જયાં દેહ ઇંદ્રિય, વિષયોની સરહદ જ નથી, એ પરમ જ્યોતિના પુણ્ય પ્રદેશમાં બુદ્ધિ વાદનું ગૌરવ નિંદનીય લાગ્યું.

થોડીક ક્ષણો આમ વીતી ગઈ. ખરૂં આશ્ચર્ય તો હજુ હવે આવે છે, ધીરેથી અવધૂત બોલ્યા, રિષભદાસ! તમે ટ્રેન કેમ ચૂકી ગયા તે જાણો છો?' રિષભદાસ ચમકી ગયાં ટ્રેન ચુકવાની વાત વળી આમણે કયાંથી જાણી! તેમની આંખોમાં કુતુહલ ચમકયું.

રિષભદાસ! તમો ટ્રેન ચૂકી ગયા હતા, કારણ મેં સંકલ્પ કર્યો હતો કે તમારે મને અહીં મળવા આવવું. આથીજ તો તમારે ચિદંબરમ્‌નો બીજો રસ્તો લઇને અહી આવવું પડયું. રિષભદાસજી ઉંચુ જોઈ શકયા નહિ. આત્મસ્થ અનંતાનંત આશ્ચર્યોનું તેમને ભાન હતુ. તેથી આમાં કોઈ અશકયતા તેમને લાગી નહિ.

'મને મળવાનો સંકલ્પ આપે શાથી કર્યો? 'તને મળવાની મને ઈચ્છા હતી. કારણ કે ત્રણ દિવસ પછી હું ચોળા ફેંકવાનો છું આ દેહનું વિસર્જન કરવાનો છું તે પહેલા થયું. કે તને લાવ મળી લઉ, તારૂં ઋણ મારી ઉપર છે જ ને!

રિષભદાસને શું બોલવું તેની સમજ ન પડી તેઓ વિચારતા હતા, કે સંતપુરૂષના સંકલ્પમાં કેટલું બધું બળ છે! તેઓ ધારે તો વિશ્વરચનાના પ્રત્યેક પ્રવાહને ધાર્યો વળાંક આપી શકે માત્ર સંકલ્પ બળ વડે જ!

રિષભદાસને નિર્ણિત સ્થળે પહોચવાનું જ હતું. એટલે ન છુટકે ત્યાંથી વિદાય લીધી ઝટપટ કામ આટોપીને પાછા ચિદંબરમ્ આવ્યા. ત્યાં સમાચાર મળ્યા કે તે 'ઝાડુવાળા' સંતે દેહ ત્યજી દીધો હતો.

આજનું વિજ્ઞાન,,આકાશનું માપ ભલે કાઢે અને મહાસાગરના તળિયા ભલે કબજામાં લે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પણ દશ મિનિટ પછી શું થવાનું છે તે જાણી શકાતું નથી. સર્વોચ્ચ સત્તાસ્થાને બેઠેલ કેનેડી જેવો અમેરિકાનો પ્રમુખ પણ પાંચ મિનિટ પછી શું થશે તે જાણતો નથી, જાણી ન શકયો, માત્ર ખૂણે ખાચરે લપાયેલા આવા સંતપુરૂષોજ સ્થળકાળની પેલી બાજુ જોઇ શકે છે. અને મરણ ભાખી શકે છે. આવા સંતપુરૂષો જનસંસર્ગથી દૂર રહેવા છતાં વિશ્વની આંતરરચનાને તેઓની અમર પ્રાણવિદ્યુતથી ભરી દે છે. આવા સંત-પુરૂષોને ઓળખી કાઢી અને તમની ગુણ પૂજા કરનાર પણ તેવા જ સંતો હોય છે. શ્રી રિષભ-દાસજી જૈન મદ્રાસવાળા પણ આવા સત પુરૂષોમાંના એક હતા. [ આગ અને આંસુ ]

શ્રી જૈન આત્માનંદ સભાના પેટ્રન સાહેબો અને સભાસદોને

**શ્રી જંબૂસ્વામી ચરિત્ર**

પુસ્તક ભેટ આપવાનું છે. તો સ્થાનિક સભા-સદોને સભામાંથી લઈ જવા વિનંતી છે. બહારગામના સભાસદોએ પોતાનું પુરૂ નામ સરનામું સાથે ૦૦-૨૫ પૈસાની પોસ્ટની ટીકીટ મોકલવા વિનંતી છે. જેથી પુસ્તક તેઓશ્રીને પોસ્ટ દ્વારા મોકલી આપવામાં આવશે.

— શ્રી જૈન આત્માનંદ સભા

# ગીત

એક મહિલાએ એક સોની પાસે એક નથ બનાવરાવી. સોનીએ છ માસની મહેનત બાદ એક ખૂબ સુંદર નથ બનાવી આપી. હવે આ સ્ત્રી ઉઠતાં, બેસતા મંદિરમાં કે સમાજમાં પેલા સોનીની કુશળતાના ગીત ગાવા લાગી.

એક દિવસ મંદિરની સીડી પર એક પંડિતજી મળ્યા. તેમણે તે સ્ત્રી વિષે અને સોની વિષેની ચર્ચા સાંભળી હતી. સ્ત્રીએ પંડિતજીને રોકીને પોતાની નથ તથા સોનીની પ્રસંસા શરૂ કરી પંડિતજી હસ્યા. મહિલાએ હસવાનું કારણ પૂછ્યું, પંડિતજીએ કહ્યું, "અરે ઘેલી! જેણે તને નાક આપ્યું તેના તૂં ગીત ગાતી નથી અને આ સોનીના ગીત ગાય છે"

આપણે સહુ પ્રભુને ભૂલી ગયા છીએ અને ભૌતિક સુખ સાધનો અને તેને બનાવનારની પ્રશંસામાં પડી ગયા છીએ. દષ્ટિ કોણ બલવાથી આપણું શ્રેય થશે. મુકિતના સુખના દાતાને કેમ વીસરી શકાય?

"જૈન જગત"ના સૌજન્યથી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કલાકેલી નૃપતિનું દૃષ્ટાંત

* લેખક : પ. પૂ. કુંદકુંદવિજય ગણિ. *

આંખોના અંધાપા કરતાં પણ અજ્ઞાનનો અંધકાર ઘણો ભયાનક છે.

દીપક જ્ઞાન-પ્રકાશનું પ્રતીક હોવા ઉપરાંત બુદ્ધિને નિર્મળ કરવાનુ સબળ એક સાધન પણ છે.

પદ્મપુર નગરમાં કલાકેલી નામે રાજા હતો કલા પ્રેમી આ રાજાને સ્વાભાવિક રીતે અંધકાર તરફ ખૂબ અણગમો રહેતો. જ્યારે જ્યોતિમય કોઈ પણ આકૃતિ જોવે ત્યારે તેના દિલમાં ટાઢક વળતી.

વિષયના વાદળાં આત્માની કળાને કાળી પાડે છે. કષાયના ઝેર આત્માની કળાને કુબડી બનાવી દે છે. એવી સાચી શ્રદ્ધા અને સમજ-વાળો રાજા સત્સંગના સેવન વડે આત્માને પવિત્ર કરવાના પુરુષાર્થનું ખાસ સેવન કરતો.

રાજાના-પ્રજાના પ્રબળ પુણ્યોદયે નગરમાં શ્રી તીર્થંકર પરમાત્મા પાર્શ્વનાથ પ્રભુ સમો-સર્યા. દેવોએ સમવસરણની રચના કરી મણિ-રત્ન જડિત સિંહાસન પર બિરાજીને પ્રભુએ ભવતાપ હરનારી અમૃતમય દેશના શરૂ કરી, "હે ભવ્યો ! આત્માના નિર્મળ સ્વરૂપના આરાધક બનો."

વિવેકી માનવીઓ ઘરમાં કચરો ભેગા કરતા નથી, પણ બહાર કાઢે છે. તેમ તમારે આત્માના ઘરમાં હિંસા, જુઠ, ચોરી અબ્રહ્મ-સેવન, ક્રોધ, માન, માયા, લોભ આદિ કચરાને સંઘરવાનો નથી. સમ્યક શ્રદ્ધા પૂર્વક સમ્યક જ્ઞાનની આરા-ધના કરવાથી આ કચરો દૂર થાય છે, આત્મા નિર્મળ બને છે. ભાવથી શ્રી જિનરાજની દીપક પૂજા કરવાથી આત્મામાં રહેલો આ કચરો ખટ-કવા માંડે છે તેના તરફનો રાગ, વૈરાગ્યમાં પલટાઈ જાય છે.

શ્રી જિનભક્તિમાં મનને પરોવવાથી સ્વપર કલ્યાણ થાય છે.

દેશના સાંભળી, રાજાએ ભગવાનને પૂછ્યું, હે કૃપાવતાર! પૂર્વ ભવના કયા પુણ્યે મને રાજ-ઋદ્ધિ અને કલા પ્રેમ સાંપડયો છે?

પ્રભુએ કહ્યું, "અંગ દેશમાં રમા નામની નગરી હતી, ત્યાં જિતારિ નામે રાજા રાજ્ય કરતો હતો આ જ નગરીમાં ધન્ના નામે વેપારી મરી મસાલા વેચીને આજીવિકા ચલાવતો હતો.

ધન્નો વણિક ગરીબાઈથી નમણો હતો પણ આજે તો હૃદયના ભાવથી ભગવાનને નમીને તેમની દેશના સાંભળવા બેઠો.

પ્રભુએ દેશનામાં આત્મશુદ્ધિના અમોઘ એક ઉપાય રૂપ શ્રી જિનભક્તિને જણાવીને ઉમેર્યું કે આને પરિણામે દીપક પુજા અખંડ રીતે કરતા આત્માની અનંત જ્ઞાન-જયોત ઝળહળી ઉઠે છે, અને આરાધના માર્ગ નિષ્કંટક બની જાય છે.

પ્રભુની દેશના ધન્નાને ખૂબ ગમી, પર્ષદામાં ઉભા થઇને શ્રી જિન પુજા સાથે દીપક-પુજા કરવાનો નિયમ પ્રભુ પાસે લીધો. અખંડપણે તેનું પાલન કરતાં તે અઢળક પુણ્ય કમાયો. પૂજાના પ્રભાવે નિર્મળતા તેને પ્રાણપ્યારી થઇ પડી. રાજન્! એજ ધન્નો તું છે. આરાધનાના પ્રભાવે રાજય ઋદ્ધિ સાથે કલા-પ્રેમ પામ્યો છે.

આ હકીકત જાણી કલાકેલી રાજાના દિલમાં દીપકની જયોત જેવી આત્મકળા પ્રત્યે અગાધ

( અનુસંધાન પાના નં. ૧૩૫ ઉપર )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઉત્કૃષ્ટ મૈત્રી ભાવના

— લેખક ; **ભદ્રબાળ** —

મા કાર્ષીત કોઽપિ પાપાનિ,
મા ચ ભુત્ કોઽપિ દુઃખિનઃ !
મુચ્યતાં જગદપ્યેષા, મતિર્મૈત્રી નિગદ્યતે !!

અર્થ :- કોઈ પણ જીવ પાપ કરો નહિ, કોઇ પણ જીવ દુઃખી થાઓ નહિ; આ આખું જીવ જગત કર્મબંધનથી મુકત થાઓ ! આવી બુદ્ધિને મૈત્રીભાવના કહેવાય છે.

કલિકાલ સર્વજ્ઞ ભગવંત શ્રી હેમચંદ્રાચાર્ય-સૂરીશ્વરજી રચિત આ શ્લોકમાં ઉત્કૃષ્ટ મૈત્રી-ભાવનાનો પુર્ણચંદ્ર ઝળહળી રહ્યો છે.

જયાં ધર્મ છે ત્યાં જય છે.
જયાં પાપ છે ત્યાં પરાજય છે.
ધર્મ એ પ્રકાશ છે, પાપ એ અંધકાર છે
ધર્મથી સુખ છે, પાપથી દુઃખ છે.
ધર્મથી બધી અનુકુળતાઓ છે,
પાપ બધી પ્રતિકુળતાઓને બોલાવે છે

બધા જીવો સુખ ઇચ્છે છે, કોઈ દુઃખ ઇચ્છતુ નથી, અને છતાં સુખના કારણરૂપ ધર્મની આરાધના કરાવનારા અને દુઃખના કારણરૂપ પાપનો ત્રિવિધે ત્યાગ કરનારા, બહુ ઓછા હોય છે.

એવા મહાન ધર્મારાધકો દુઃખી જીવોને સુખી કરવા માટે ધર્મનો રસ્તો બતાવીને દુઃખના કારણરૂપ પાપના રસ્તે જતાં અટકાવે છે, માટે તેઓ ભાવદયાવંત કહેવાય છે. માટે દ્રવ્યદયા કરતાં ભાવદયા ઘણી ચઢીઆતી છે. આ આખા શ્લોકમાં ભારોભાર ભાવદયા છે. આવી દયા-જીવો તરફના અગાધ વાત્સલ્યમાંથી જન્મે છે.

સાધન વગરના માણસને સાધન આપીને તેનું દુઃખ દૂર કરવું તે દયાકાર્ય ખરૂં. અને તેની તે હદે પ્રશંસા પણ થાય. છતાં એને સાધન મેળવવા માટે બીજા પાસે હાથ લંબાવવો ન પડે, એવી સદ્ધર સ્થિતિ તો તે ત્યારે પ્રાપ્ત કરી શકે છે કે જ્યારે તે સર્વ સાનુકુળ સામગ્રી-ઓને ખેંચવાની સહજ શકિતવાળા ધર્મની આરાધના કરે છે. એટલે ભાવદયાવંત ભગવંતો જીવોને સામગ્રી આપીને સુખી કરવાને બદલે, એ સામગ્રી વણમાગી આવીને મળે તેમજ તેનો ઉત્તમ ધર્મક્ષેત્રોમાં સતત સદુપયોગ થતો રહે તેના ઉપાયરૂપ ધર્મના આરાધનાનો માર્ગ બતાવે છે.

માટે અહીં પણ 'કોઇ જીવ કદી કોઈ પાપ ન કરો !' એવી ઉત્કૃષ્ટ મૈત્રીભાવના પુ. આચાર્ય દેવે વ્યકત કરી છે. પાપ કોને કહે ? જે વિચાર, વાણી તેમજ વર્તનથી આત્માના સ્વભાવરૂપ ધર્મની વિરાધના થાય-તે વિચાર, વાણી વર્તન વગેરે પાપ સ્વરૂપ છે, પા=પાછો, પ=પડવું તે આત્માને જે પાછો પાડે તે પાપ એટલે તેમાંથી એ સાર નીકળે છે કે, આત્માને જે આગળ વધારે તે ધર્મ.

આગળ કોણ વધી શકે ? જેના માથે ઓછો ભાર હોય તે. અહીં પાપ એ મોટો ભાર છે. તેને ફેંકી દેવાનું સામર્થ્ય ધર્મમાં છે, દાન શીલ તપ-ભાવ રૂપ ધર્મનું ત્રિવિધે સેવન કરવાથી પાપ તેમજ પાપવૃત્તિ-ઉભયનો ક્ષય થાય છે, અને જ્યારે પાપ તેમજ પાપ કરવાની વૃત્તિ-ઉભયનો ક્ષય થાય છે ત્યારે જીવને સાચું સુખ પ્રાપ્ત થાય છે. એટલે દુઃખના નાશનો ઉપાય-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાપ તેમજ પાપવૃત્તિનો નાશ કરવામાં રહેલો છે.

જગતના બધા જીવો કર્મના બંધનમાં રહીને દુઃખી થાય છે. એ બંધનનો ઉચ્છેદ ધર્મથી થાય છે. એ ધર્મ આત્મામાં રહેલો છે અને તેને પ્રગટ કરવાના સચોટ ઉપાયો શ્રી અરિહંત પરમાત્માએ બતાવેલા છે. તે ઉપાયોમાં સર્વશ્રેષ્ઠ ઉપાય-તે પંચમહાવ્રતો અંગીકાર કરીને અણિ-શુદ્ધપણે તેને પાલન કરવા, તે છે. તે પાલન કરવાની શકિત ન હોય તો શ્રાવકના બાર વ્રતો પાળવાનું વિધાન છે. તે પણ ન પાળી શકાય તો-જેટલા પાળી શકાય તેટલાં અણુવ્રતો લેવાથી, તેમજ પાળવાથી પણ આત્મા કર્મક્ષય કરવામાં સફળ થઈને મહાવ્રતો પાળવાને લાયક બને છે, છેવટે કોઈ વ્રત ન પાળી શકાય તો, પાપનાં જે અઢાર મુખ્ય સ્થાનકો છે તેમાં જ્યારે મનનો પગ પડી જાય ત્યારે 'આ ખૂબ જ ખોટું થયું, ન કરવાનું કાર્ય મેં કર્યું, આવો પસ્તાવો જો હૃદયની સચ્ચાઈપુર્વક થાય તો બીજી વાર પાપ કરતાં સખત આંચકો લાગે, અને એ આંચકો પણ ધર્મની દિશામાં દોરનારો નીવડે છે.

સર્વથા નિષ્પાપ જીવવું તે કામ દુષ્કર છે. પણ પાપ થઈ ગયા પછી તેની નિંદા તેમજ ગર્હા કરવી તે એટલું અઘરૂં નથી. પાપને નિંદવાથી પણ તેનો અનુબંધ ઢીલો પડી જાય છે. હિંસા સારી નથી, જૂઠ સારૂં નથી, અબ્રહ્મસેવન સારૂં નથી અને - એમ અઢારે પાપ સારાં નથી પણ નઠારાં છે, એ સત્યમાં મતિને સ્થિર કરવાથી પણ પાપ કરવાના સમયે પાપમાં રસ ઓછો રહે છે, પાપનો ભય જાગે છે. અંગારો દેહને દઝાડે છે તેમ પાપ-ભાવદેહને દઝાડે છે, દયાભાવને દઝાડે છે, ક્ષમાભાવને દઝાડે છે, સ્નેહભાવને દઝાડે છે, સામાયિકભાવને દઝાડે છે. માટે અંગારાથી છેટા રહીએ છીએ તેમ-મનને દુર્વિચારોથી દૂર રાખવું જોઈએ, અસદ્ વિચારોથી દૂર રાખવું જોઈએ. નિમિત્ત યોગે એવો વિચાર જાગે તો તેને દૂર ફંગોળી દેવો જોઈએ. સમ્રાટ વિક્રમાદિત્યને-ભારતની પ્રજાને ઋણમુક્ત કરવાનો ભાવ જાગ્યો, અને તેણે તેનો અમલ કર્યો તો ભારતની પ્રજા આજે પણ તેની પુણ્ય-સ્મૃતિમાં તેના નામનો સંવત્સર ચલાવે છે. સમ્રાટે ભારતની પ્રજાને આર્થિક ઋણમાંથી મુક્ત કરી હતી : છતાં પણ જો તેનો ઉપકાર આપણે ન ભુલી શકતા હોઈએ તો – જેમણે જગતના સર્વ જીવોને સર્વકર્મથી મુકત કરવાનો મહા સંકલ્પ કર્યો છે, તેમજ તેની સિદ્ધિનો રાજમાર્ગ બતાવ્યો છે, તે શ્રી અરિહંત પરમાત્માની આજ્ઞાને ત્રિવિધે આરાધનારા મહા સંતોના ચરણોની સેવા કરીને સર્વ જીવો પ્રત્યે આત્મીયતાપૂર્ણ વર્તન દાખવવાનું બળ પ્રાપ્ત કરવું જોઇએ. જો આમ ન કરી શકીએ તો શ્રી અરિહંતના સંકલ્પની વિરુદ્ધ કદમ ભરીને દુઃખી થઈએ : કારણ કે એ સંકલ્પ સર્વ કાળે સર્વ ક્ષેત્રમાં વિદ્યમાન છે, જીવંત છે. તેને કોઈ મહાત કરી શકે તેમ નથી.

એટલે જ કલિકાલ સર્વજ્ઞ ભગવંતે આવી ઉત્કૃષ્ટ મૈત્રી ભાવનાની ગંગા વહાવીને તેમાં સ્નાન કરવાની સૂચના કરી છે માટે જીવને પાપનું નિમિત્ત પુરૂં ન પાડવું, તેમજ સ્વયં પાપને-અકાર્ય સમજવું. તેમજ 'જેને પાપમાં રૂચિ હોય તે પણ નિષ્પાપ બનો' એવી ભાવના સતત ભાવવી એ ધર્મના આરાધક માત્રની પ્રથમ ફરજ છે.

દ્રવ્ય દયાને ભાવદયા સુધી વિસ્તારવાથી આ ફરજનું પાલન સ્વાભાવિક બને છે અને ભાવ-દયાવંત ન બનાય ત્યાં સુધી 'દ્રવ્યદયા ન છોડવી' તે પણ એટલું જ જરૂરી છે કારણ કે, દ્રવ્યદયામાંથી ભાવદયામાં જવાય છે અને તે બંનેના વિષય તરીકે જીવ રહેતો હોય છે. માટે તેનું પાલન એ ધર્મ છે, વિશ્વોપકારી ધર્મ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ।। શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથ ભગવાનને નમો નમઃ ।।

## શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની અસીમ કૃપાથી તથા પરમ પૂજ્ય મુનિરાજશ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબની પ્રેરણાથી શ્રી સમી તાલુકા દુષ્કાળ રાહત સમિતિ–પંચાસર તરફથી વર્તમાન દુષ્કાળની કપરી પરિસ્થિતિમાં સમી તાલુકામાં તથા દસાડા તાલુકાનાં સુરેલ કેન્દ્રમાં માનવ રાહતની તથા પશુ રાહતની જે કામગીરી કરવામાં આવી છે. તેની રૂપરેખા.

**પંચાસર તા. ૧૧-૬-૮૬**

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની અસીમ કૃપાથી અને પરમ પુજ્ય જંબૂવિજયજી મહારાજ સાહેબની પ્રેરણાથી શ્રી સમી તાલુકા દુષ્કાળ રાહત સમિતિને નાણાંકીય સહયોગ આપનાર દાતાઓના તથા સંસ્થાઓનાં મુબારક નામની યાદી અને દાનની રકમની વિગત.

**રૂપિયા**

૫૦૮૫૦૦)- શેઠશ્રી મણીલાલ લલ્લુભાઈ મહેતા પરિવાર મુંબઇ તરફથી ૨૫૦૦૦) તથા રૂા. ૪૭૫૦૦૦) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના જૈન ભક્તજનો તરફથી

હા. શશીકાન્તભાઈ મહેતા

સુકું ઘાસ ૫૦% રાહત ભાવે પશુઓને આપવા માટે.

૪૮૦૦૦૦)- સંકટ નિવારણ સોસાયટી અમદાવાદ. કપાસીયા ફોતરી બોરી ૧૯૨૦૦ મફત માલના સ્વરૂપમાં, અંદાજી કિંમત.

૧૦૫૦૦)- સંકટ નિવારણ સોસાયટી અમદાવાદ તરફથી – લીલો ઘાસચારો મફત માલના સ્વરૂપમાં, અંદાજી કિંમત.

૧૨૦૦૦૦)- શ્રી સી. એમ. દોશી ફેમીલી ઈન્ટરનેશનલ ટ્રસ્ટ, ઇંગ્લેંડ.
હા. શેઠશ્રી અરૂણભાઈ દોશી તરફથી રોકડ ભેટ ૧૨૮૦ કુટુંબને બે માસ માટેનું દર મ.સ ૨૦ કીલો અનાજ મફત આપવા માટે.

હા. શ્રી શશીકાંતભાઇ કે. મહેતા.

૩૦૦૦) શેઠ શ્રી જીવણદાસ ગોડીદાસ શંખેશ્વર જૈન તિર્થની પેઢી તરફથી રોકડ ભેટ પશુઓને લીલા ઘાસ–ચારો મફત આપવા માટે.

હા. શેઠશ્રી શ્રેણીકભાઈ કે. લાલભાઈ

---

૧૧૪૯૦૦૦)-



For Private And Personal Use Only

'સમી તાલુકા દુષ્કાળ રાહત સમિતિ' તરફથી દુષ્કાળ રાહતની કામગીરીમાં કરવામાં આવેલ ભોગવેલ 'નુકસાનની વિગત'

| | | રૂપિયા |
|---|---|---|
| (૧) | ૫૦% સબસીડીથી આપવામાં આવેલ સુકા ઘાસમાં નુકશાન<br>માર્ચ-એપ્રિલ, મે ત્રિમાસીક કિ. ૨૨૮૦૦૦૦ કિલો ૦-૨૦ પૈસા મુજબ. | ૪૫૬૦૦૦ |
| (૨) | મફત કપાસીયા ફોતરી બોરી ૧૯૨૦૦ ( મે, જુન ) | ૫૧૦૦૦૦ |
| (૩) | મફત અનાજ વિતરણ ૧૨૮૦ કુટુંબને મે, જુનમાં માસીક ૨૦ કીલો મુજબ | ૧૨૦૦૦૦ |
| (૪) | મફત લીલાઘાસ પાછળ મે, જુન. | ૬૦૦૦૦ |

કુલ થયેલ નુકશાનની રકમ રૂ. ૧૧૪૬૦૦૦

રજુઆત : **સમી તાલુકા દુષ્કાળ રાહત સમિતિ.**

શા. લહેરચંદ અમૃતલાલ-પ્રમુખશ્રી

---

( અનુસંધાન પાના નં. ૧૩૧નું ચાલુ )

પ્રેમ પ્રગટયો. બીજા પ્રત્યેનો કટુ વિચાર તેને ખટકવા લાગ્યો. તેમજ જયણા વગરનો આચાર પણ તેને ખટકવા લાગ્યો.

દીપકની જયોતની શિખ સાથે સબંધ સાધીને નિર્મળ તેમજ સૂક્ષ્મ બનેલા રાજાના મનમાં હંમેશ આત્માના નિર્મળ સ્વરૂપના ભાવ ઉછળવા લાગ્યા.

નૃપતિ આયુષ્ય પૂર્ણ કરીને સદગતિને વર્યો અને મહાવિદેહ ક્ષેત્રમાં જન્મી ચારિત્ર લઇને કર્મો ખપાવી મુકિતને વરશે.

---

# —: આત્મ-વલ્લભ-શીલ સૌરભ ટ્રસ્ટ :—

યુગવીર આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના સમુદાયના પુ. સાધ્વીજી શ્રી શી... શ્રીજી મહારાજના જીવનકાર્ય, જીવન સાધના અને ગુરુભક્તિની સ્મૃતિમાં આત્મ-વલ્લભ શીલ સૌરભ ટ્રસ્ટ દ્વારા પુ. સાધ્વીજી મહારાજના અભ્યાસ માટે અને અર્ધમાગધી, પાકૃતનો અભ્યાસ કરતી શ્વેતાંબર મૂર્તિપુજક જન વિદ્યાર્થિનીઓન આર્થિક સહાય પુરક રકમની આપવામાં આવે છે.

કોલેજમાં અભ્યાસ કરતી શ્વેતાંબર મૂર્તિપુજક જૈન વિદ્યાર્થિની જેમણે અર્ધમાગધી અને પાકૃત વિષયો લીધેલા હોય, આવક મર્યાદિત હોય તેમને આર્થિક સહાય આપવામાં આવે છે. નિયત અરજી પત્રક નીચેના સરનામેથી મંગાવી **તા. ૩૦-૯-૧૯૮૬** સુધીમાં ભરી મોકલવું.

**શ્રી આત્મ-વલ્લભ-શીલ-સૌરભ ટ્રસ્ટ**
C/o. શ્રી મહાવીર જૈન વિદ્યાલય,
ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, **મુંબઇ-૪૦૦૦૩૬**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "હું એકલો છું"

સંકલન : હીરાલાલ બી. શાહ

જેઓને દુઃખ અને વેદના, જન્મ, જરા અને મરણ આદિ સંતાપો ઓછા કરવાની ઇચ્છા હોય તેઓએ નિત્ય ભાવના ભાવવી જોઇએ કે :—

હું એકલો છું. મારો આત્મા એજ હું છું, દેહ જડ છે. દેહ મારાથી પર છે. શરીર પણ પર છે, પારકું છે. ચિરસ્થાયી નથી, આપાણું તો રહેવાનું નથી, આપાણી સાથે આવવાનું નથી, આપણા તાબામાં નથી, ત્યારે સમજવું જોઇએ કે આત્મા અને શરીર જુદાં છે. આત્મા અને શરીરનો સંબધ થોડા વખતનો છે. આત્મા શરીરથી ભિન્ન છે, તે તો સાબિત કરવાની જરૂર રહેતી નથી. મૃત દેહમાં પાંચે ઇન્દ્રિયો હોવા છતાં તે તદ્દન હાલ્યા ચાલ્યા વગર પડી રહે છે અને અંદરથી ચલાવનાર આત્મા હતો તે નીકળી ગયો છે.

જ્યારે શરીર પણ 'પર' હોઈ તે આપણને ખરેખરા સુખનું કારણ કદી થતું નથી. કદાચ તે દેખાવમાં થોડુ સુખ આપતું જણાય છે તો પણ તે સુખ ટૂંકું હોય છે, વિનાશી હોય છે અને તેની પાછળ દુઃખ આપે છે. એ રીતે તો 'આત્માને વશ' હોય એજ ચીજો સુખ આપી શકે છે. "આત્મવશ" કઈ ચીજો કહેવાય અને 'પરવશ' કઈ ચીજો કહેવાય તેનો આપણે ખરેખર ખ્યાલ રાખવો જોઈએ અને સ્પષ્ટ વિચાર કરીને તેનો ચોક્કસ નિર્ણય કરી લેવો જોઇએ.

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્ર એ જ આત્માના ગુણો છે. મારો આત્મા એક જ છે અને વ્યક્તિત્વ સ્વતંત્ર છે. બાકીના સર્વ ભાવો સંયોગથી થયેલા છે અને સંયોગો જ પ્રાણીને સંસારમાં રખડાવે છે. પર ભાવમાં રમણતા કરીને મેળવેલા છે. એનો સર્વથા ત્યાગ કરવો એ જ કર્તવ્ય છે.

આત્માના ગુણો સિવાયના બીજા ગુણો મને દુઃખ દેનારા છે. તેનાથી મારો સંસાર વધવાનો છે. તેથી જન્મ મરણના ફેરા ટાળવા માટે આત્મ-ધર્મની આરાધના જ ઉપયોગીતા બની શકે છે.

હે ભવ્યો ! તમો ઉપરોક્ત ભાવના ભાવો અને આત્મધર્મની શુદ્ધ આરાધના કરો.

હે પુણ્યાત્મન્ ! આ સંસાર – કેદખાનામાં પ્રત્યેક જીવાત્માઓ ક્ષણે ક્ષણે અનેકવિધ વેદનાઓ અનુભવતા હોવા છતાં પણ વાસ્તવિક રીતે જોઇએ તો, તેઓ નિર્વેદ તો પામતા જ નથી, મધુબિંદુ જેવા ક્ષણિક સુખની આશામાં ને આશામાં જ કાળક્ષેપ કરતા હોય છે, પણ સાચા આત્મિક સુખ માટે જરા ઉદ્યમ-પુરૂષાર્થ કરવા ઉત્સાહિત થતા જ નથી, એ ખરેખર શું ખેદજનક વાત નથી? માટે જ તમને કહું છું કે-તું હવે ધર્મ પુરૂષાર્થ કર !!!



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સફળ છે!

૦ લેખક રતિલાલ માણેકચંદ શાહ ૦

આત્મા પરદ્રવ્યોથી તદ્દન જુદો છે, એટલે ગમે તેવા સારાં પરદ્રવ્યો વડે સર્વ પ્રકારના પ્રયત્નો કરો છતાં આત્મા શુદ્ધ થઈ શકતો નથી. પરદ્રવ્ય જે શુભાશુભ કર્મો તેને આત્માથી અલગ કરવા હોય તો આત્મ સ્વરૂપની ભાવના કરવી. હું આત્મ સ્વરૂપ છું તે હકીકતનું અખંડ સ્મરણ કર્યા કરવું. આત્મ સ્વરૂપનો વિચાર નહિ કરનાર પરદ્રવ્યનો ત્યાગ કરી શકતો નથી.

જ્ઞાન તેજ જ્ઞાની છે અને જ્ઞાની તેજ જ્ઞાન છે, કેમ કે ગુણ અને ગુણીનો અભેદ સંબંધ છે તે જુદાં પડતાં નથી, એટલે જ્ઞાનનું જ્ઞાન થતાં જ્ઞાની આત્માનું જ્ઞાન અવશ્ય થાય છે જ, પરદ્રવ્યથી વિરકત થવા અને સ્વતંત્ર તરફ પ્રેમ રાખવા માટે તેમજ સર્વ કર્મોથી છૂટવા અર્થે આ જગતના સ્વભાવનો વિચાર કરવો યોગ્ય છે. પદાર્થોની અનિત્યતા, જીવોની અશરણતા, સંસારની વિવિધતા, કરેલા કર્મોનું જીવને એકલાને ભોગવવા પણું, દેહ-આત્માની ભિન્નતા શરીરની અશુચિતા, કર્મને આવવાના માર્ગો, કર્મને આવતા અટકાવવાના ઉપાયો, આત્માથી કર્મને અલગ કરવાના પરિણામો વિગરના વિચાર કરવો જોઇએ, જન્મ મરણ, આધી, વ્યાધી, ઉપાધીઓની વિષમતા અને ઇંદ્રિયોના વિષયોના વિરસપણાનો વિચાર કરવો ત્યાર બાદ આ સંસારના સુખની અને આત્માની શાંતિની સરખામણી કરી જોવી જેથી સંસારની અસારતા સમજાયા સિવાય રહેશે નહિ.

અંતરંગ લાગણીવાળી હિંસા, અસત્ય ચોરી, વ્યભિચાર અને અસંતોષરૂપી પાચ પાપોથી જીવ બંધાય છે, તેજ પાપોને જો અંતરંગ લાગણીમાંથી બહાર કાઢવામાં આવે તો પાપો જીવને બંધનકર્તા નથી.

નિજ સ્વરૂપની પ્રાપ્તિની ઇચ્છાવાળા ભવિ આત્માએ સ્વરૂપનો વિચાર કરી સ્વ-પરનો વિવેક કરી, પરને હેય ગણી નિજસ્વરૂપને ઉપાદેય ગણી પરમાં ઉદાસ ભાવે રહી, અખંડ-આનંદ મય આત્મા સ્વરૂપમાં સ્થિરતા કરવી યોગ્ય છે, વીતરાગ પરમાત્માએ ત્રણ પ્રકાર આત્મા વર્ણવ્યો છે, બહિરાત્મા, અંતરાત્મા, પરમાત્મા, શરીર આદિ પર વસ્તુમાં આત્મ બુદ્ધિ કરનાર બહિરાત્મા, બાહ્યભાવો પર મમતા તજી આત્મામાં આત્માનો નિશ્ચય કરનાર અંતરાત્મા અને શુદ્ધ નિર્લેપ, નિર્વિકલ્પ સ્થિતિને પ્રાપ્ત થયેલ પરમાત્મા કહેવાય છે. જ્યાં સુધી અંતરાત્મત્વ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી પરમાત્માપદ પ્રાપ્ત થઇ શકતું નથી, માટે ભવિ જીવે પ્રથમ અંતરાત્મા થવા પુરૂષાર્થ કરવો જોઇએ. જ્યાં સુધી વિષય સુખોની અભિલાષા રહે છે, સ્વર્ગાદિ ગતિઓમાં જવાની વૃત્તિ રહે છે અને લૌકિક કીર્તિ મેળવવાની ઇચ્છા રહે છે ત્યાં સુધી બહિરાત્માપણું સમજવું અને જ્યારે નિષ્કામથઈ સ્વરૂપમાં અવસ્થિત થવાય ત્યારે અંતરાત્માપણું સમજવું. આ જગતમાં કોઈ પણ દુર્લભમાં દુર્લભ હોય તો અંતરાત્મત્ત્વ છે અંતરાત્મત્ત્વ થયા વિના કોઈ પણ આત્મા મુકિત પદને પ્રાપ્ત કરી શકતો નથી, માટે સર્વોત્તમપદ દાયક અંતરાત્મત્ત્વ અવશ્ય પ્રાપ્ત કરવાનો પુરૂષાર્થ કરવા યોગ્ય છે.

જો આ જીવને ધર્મવડે વાસિત કરવામ! આવશે તો જીવ ધર્મમય પ્રવૃતિ કરશે, પાપમાં પ્રવૃત્તિ નહિ કરે. પણ જો તેને પાપવડે વાસિત



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરવામાં આવશે તો તે નિરંતર પાપમય પ્રવૃત્તિ કરશે પણ ધર્મમય પ્રવૃત્તિ નહિ કરે, તેમ જ્ઞાન વડે વાસિત, ભાવિત થયેલ જીવ જ્ઞાનમાં પ્રવૃત્તિ કરશે, અજ્ઞાનમાં પ્રવૃત્તિ નહિ કરે, જો આમજ છે તો પછી આત્માની વિશુદ્ધિ કરવાની ઈચ્છાવાળા જીવોએ પોતાની બધી પ્રવૃત્તિ જ્ઞાનમયજ કરવી જોઈએ.

વિપરીત દૃષ્ટિવાળા ઘણા જીવો બીજા ઉપાયોથી શુદ્ધિ પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખે છે અને તે માટે પ્રયત્નો કરે છે, છતાં આતો જ્ઞાનીઓનો નિશ્ચયજ છે કે, આત્માના જ્ઞાનવડેજ આત્માની શુદ્ધિ થાય છે, આત્મા સિવાય અન્ય પદાર્થ જે જડ પુદ્ગલ માયારૂપ છે, યા અજીવ છે તે પદાર્થોનું તો આત્મા આડે આવરણજ છે આ આવરણ એજ અશુદ્ધિ છે, તે પદાર્થથી આત્માની શુદ્ધિ થઈ શકે જ નહિ .તેના ત્યાગથી જ શુદ્ધિ થાય જેમ તાપથી ટાઢ જાય છે તેમ આ જડ માયાનો વિરોધી ચૈતન્યભાવ છે તે ચૈતન્યનો જ્ઞાન એ ગુણ છે, જો અજ્ઞાનતાથી કર્મો આવે છે, તો તેના વિરોધી ભાવરૂપ જ્ઞાન દૃષ્ટિથી કર્મો આવતા અટકી શકે છે અને પૂર્વના બાંધેલા કર્મો ચાલ્યા જાય છે, એટલે આત્મજ્ઞાન વડે આત્માની શુદ્ધિ થઈ શકે છે પણ બીજા કોઈ પણ પદાર્થથી આત્માની શુધ્ધિ થઈ શકતી નથી.

આ જડ માયારૂપી દેખાતા બાહ્યજગતને મહાન પુરુષો, અનાત્મિય ઈન્દ્રજાળ સમાન વિનાશ પામનાર જાણીને જોઈને સ્થિર આત્મતત્વનું ધ્યાન કરવા વડે, મિથ્યાત્વરૂપી પહાડોને, અવિરતિરૂપ નદીઓને, કષાયરૂપ અગ્નિને અને લોભરૂપ સમુદ્રને ઓલંઘીને નિર્વાણરૂપ શાંતિ સ્થાને પહોંચી જાય છે, તેવા આત્મ સ્વરૂપમાં સ્થિર થયેલા વીર પુરૂષોનો જન્મ થવો અને વિશ્વમાં લાંબોકાળ જીવવું સફળ છે.


## [] શ્રી મહાવીર જૈન વિદ્યાલય []

ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઈ-૩૬.

સન ૧૯૮૬માં લેવાયેલ મહારાષ્ટ્ર/ગુજરાત રાજ્યની એસ.એસ.સી. બોર્ડની પરીક્ષામાં સૌથી વધુ ગુણ મેળવનાર અને કોલેજમાં વધુ અભ્યાસ ચાલુ રાખનાર જૈન શ્વેતાંબર મૂર્તિ-પુજક વિદ્યાર્થી/વિદ્યાર્થિનીને નીચે મુજબ પારિતોષિક આપવામાં આવે છે.

**૧. શ્રીમતી લીલાવતી ભોળાભાઈ મોહનલાલ ઝવેરી પારિતોષિક**
(કોલેજમાં ઉચ્ચ અભ્યાસ કરનાર **માત્ર** વિદ્યાર્થિનીઓ માટે)

**૨. શ્રીમતી ચંપાબેન ભવાનભાઈ મહેતા પારિતોષિક**
(કોલેજમાં **સાયન્સ** લાઈનમાં અભ્યાસ કરનાર વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓ માટે)

**૩. શ્રીમતી લીલાબેન ડાહ્યાભાઈ મહેતા પાલનપુરવાળા પારિતોષિક**
(કોલેજમાં ઉચ્ચ અભ્યાસ કરનાર વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓ માટે)

આ અંગે સંસ્થામાંથી નિયત અરજી પત્રકો મંગાવી **૧૫ ઓગસ્ટ-૮૬** સુધીમાં સંપૂર્ણ વિગત સાથે ભરી મોકલાવવા જરૂરી છે.

**જયંતીલાલ ર. શાહ જગજીવન પી. શાહ રમણલાલ સી. શાહ**
માનદ્ મંત્રીઓ




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

[] ત્રણ બોધ કથાઓ ○ ○ ○

# વિજય કી વિદ્યા

યુવક અંકમાલ બુદ્ધ ભગવાનની સમક્ષ ઉભીને કહ્યું, "હે ભગવાન્! હું દુનિયામાં કંઇક સેવા કાર્ય કરૂં એવી મારી ઇચ્છા છે. આપ મને જ્યાં મોકલવા ઇચ્છો ત્યાં હું લોકોને ધર્મનો રસ્તો-માર્ગ બતાવું."

બુદ્ધ હસ્યા અને કહ્યું, "ભાઈ! દુનિયાને કંઇક આપતા પહેલા તારી પાસે કંઈક હોવું આવશ્યક છે. જાઓ, પ્રથમ પોતાની યોગ્યતા વધારો પછી દુનિયાની સેવા કરવાની."

અંકમાલ ત્યાંથી રવાના થયો અને કલાના અભ્યાસમાં ખૂંચી ગયો. બાણ બનાવવાથી માંડીને ચિત્રકલા સુધી, મલ્લવિદ્યાથી શરૂ કરી મલ્લાહકારી સુધી, જે જે કલાઓ હતી તે સર્વનો દશ વર્ષ સુધી કઠોર અભ્યાસ કર્યો. કલા-વિશારદ તરીકે તેની ખ્યાતિ સારા દેશમાં ફેલાઇ ગઇ.

પોતાની પ્રશંસાથી પ્રસન્ન બની અંકમાલ પાછો ફર્યો અને તથાગતની સેવામાં ઉપસ્થિત થયો. પોતાની યોગ્યતાનું વર્ણન કરતાં તેણે કહ્યું, "ભગવન્! હવે હું દરેક વ્યકિતને કંઇક ને કંઈક શિખવી શકીશ, હવે મેં ૬૪ કલામાં પાંડિત્ય પ્રાપ્ત કર્યું છે.

ભગવાને હસતાં હસતાં કહ્યું, "અત્યારે તો તું કલા શીખીને આવ્યો છું. પરીક્ષામાં ઉત્તીર્ણ થઇને અભિમાન કરો."

બીજે દિવસે એક સાધારણ નાગરિકના વેશમાં અંકમાલ પાસે ગયાં, અને તેને ખરી-ખોટી સંભળાવવા લાગ્યા. અંકમાલ ક્રોધ કરીને તેને મારવા દોડયો, ત્યારે તે વૃદ્ધજન હસીને પાછા ફર્યા.

તેજ દિવસે બપોરે બે શ્રમણ વેષ બદલીને અંકમાલ પાસે આવીને બોલ્યા, "આચાર્ય! આપને સમ્રાટ હર્ષે મંત્રીપદ આપવાનું ઇચ્છયું છે શું આપ તે સ્વીકારશો?" અંકમાલને લોભ સ્પર્શી ગયો, તેણે કહ્યું, "હા હા, અત્યારે જ ચાલો." બન્ને શ્રમણ હસતા હસતા ચૂપચાપ પાછા ફર્યા. અંકમાલ આશ્ચર્ય ચકિત થયો. આ વાત શી છે?

થોડી વાર બાદ ભગવાન બુદ્ધ ફરી પાછા આવ્યા. તેની સાથે આમ્રપાલી હતી. બુદ્ધ ભગવાન જ્યાં સુધી ત્યાં રોકાયા ત્યાં સુધી અંકમાલ આમ્રપાલી તરફ જ જોતો રહ્યો, વાત પૂરી કરી તથાગત આશ્રમમાં આવ્યા.

સાંજે તેમણે અંકમાલને બોલાવ્યો અને પુછયું, "વત્સ, શું તમે ક્રોધ, કામ અને લોભ પર વિજયની વિદ્યા શીખી લીધી છે?

અંકમાલને દિવસની બધી ઘટના યાદ આવી. તેણે શરમથી પોતાનું માથું ઝુકાવી દીધું, ત્યારથી આત્મ વિજયની સાધનમાં સંલગ્ન બન્યો.

## શલ્ય

એકવાર આચાર્ય શાંતિ સાગરજી મહારાજ એક ગામથી બીજે ગામ વિહાર કરતા હતા રસ્તામાં એક સાધુની ઝૂંપડી આવી. સાધુના આગ્રહથી આચાર્યજીને તેની ઝૂંપડીમાં એક પથ્થર પર બેસીને ધ્યાન કર્યું. થોડી વાર પછી આચાર્યજીએ ત્યાંથી વિહાર કર્યો. રસ્તામાં તે સાધુ ઝૂંપડીની પ્રશંસા કરવા લાગ્યો, "મહારાજ મારી ઝૂંપડી ખૂબ સરસ છે. સુંદર છે, બધી બાતે સુરક્ષિત છે, તેમાં કોઇ જાનવર પ્રવેશી શકતું નથી." આ રીતે પોતાની ઝૂંપડીના ગીત ગાતો રહ્યો.

પછી તેણે પુછયું, "મહારાજ! આપને મારી ઝૂંપડી કેવી લાગી?

આચાર્યજીએ હસીને કહ્યું, "અરે! પહેલા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઘરના ગીત ગાતો હતો. હવે ઘર છોડયું, પરિવાર છોડયો અને ઝૂંપડીમા આવીને વસ્યો પણ તેના ગીત ગાવાનું તે કયાં છોડયું છે?

તે સાધુ નાસીને પાછો ફર્યો અને તે ઝૂંપડીને આગ લગાવી. પછી આચાર્યજી પાસે જઇને કહ્યું, "મહારાજ! મને રાગી ન સમજજો મેં ઝૂંપડીને બાળીને ભસ્મ કરી નાખી છે.

થોડીવાર તેમની સાથે ચાલ્યો અને કહેવા લાગ્યો, "ગમે તે કહો, મહારાજ! પણ ઝૂંપડી ખૂબ સરસ હતી."

પેલી ઘાસની ઝૂંપડી જલી ગઈ પણ મનકી ઝૂંપડી જલી નહીં, જ્યાં સુધી મનનું શલ્ય ન મિટાવવામાં આવે ત્યાં સુધી સમ્યક જ્ઞાન પ્રગટ થતું નથી.

# દીવાદાંડીના અજવાળાં

**પ.પૂ.આ. દેવશ્રી આનંદસાગરસૂરીશ્વરજી**

જૈનો સૃષ્ટિ આદિના કર્તા તરીકે નહિ પણ સ્વતંત્રતાના સર્જનહાર તરીકે પરમેશ્વરને માને છે, જેઓ આત્માને ઓળખાવે, કર્મ અને પુદ્ગલોની ગુલામી અને પરાધીનતામાંથી છોડાવવા માટે જેઓ હંમેશા મથેલા છે તેને જૈનો પરમેશ્વર માને છે.

આ પરમેશ્વરનો ધંધો એ છે કે જગતની સ્વતંત્રતા દેખાડવી અને પોકારવી.

વોશીંગ્ટને અમેરીકાને અને ગેરીબાલ્ડીએ ઓસ્ટ્રિયાને ઇટાલીને સ્વતંત્ર તો કર્યું, પણ તેઓ જાતે તો માટીમાં જ મળી ગયા છે, આ રીતે તે સ્વતંત્રતા લઇને છોડી દેવી પડે. તેવી સ્વતંત્રતા આપનારને જૈનો પરમેશ્વર તરીકે માનવા તૈયાર નથી. આઝાદી-આબાદી નિપજાવે અને તે હંમેશા રહે, સર્વકાળ રહે તેવી આબાદી અને આઝાદી નિપજાવે અને મેળવવાનો માર્ગ બતાવે તેને જૈનો પરમેશ્વર તરીકે માને છે ઊંચે અડાય કયારે? મનુષ્ય પ્રયત્ન કરે ત્યારે પ્રયત્ન કરે કયારે? મેળવવાની ઈચ્છા થાય ત્યારે? તો તે મળશે જ એવો નિશ્ચય થાય ત્યારે તે નિશ્ચય પણ થાય કયારે? તો તેનું યથાસ્થિત જ્ઞાન થાય ત્યારે જ્યાં સુધી સ્વતંત્રતાનું સ્વરૂપ સમજાય નહિ, સ્વતંત્રતા સારી લાગે નહિ, સારી લાગ્યા પછી તેને મેળવવાની ઈચ્છા થાય નહિ, તેવા સાધનો મેળવાય નહિ, ત્યાં સુધી સ્વતંત્રતાની વાતો, નાનો છોકરો ચાંદ પકડવાની વાત કરે-તેના જેવી ગણાય. નાનો છોકરો પાણીમાં ચાંદ જોઇને તેને પકડવા જાય તો તેથી તેની સિદ્ધિ થતી નથી. તેમ આપણે આપણાં આત્માનું સ્વરૂપ જાણીએ નહીં, તેના સાધનો જાણીએ નહીં, તેમાં પ્રવૃત્તિ કરીએ નહીં, તે પ્રવૃત્તિને આગળ વધારીએ નહીં, તો સ્વતંત્રતા કઈ રીતે મેળવીએ.

આવી સ્વતંતત્રા અને તેને મેળવવાના આવા માર્ગો મેળવી આપનારને જ જૈનો પરમેશ્વર માને છે આત્માના સ્વરૂપનું જ્ઞાન કરાવે છે, આત્માના સાધક કોણ છે? બાધક કોણ છે? આત્મા ઘરમાં કેવી રીતે રમે છે? તેમાંથી સ્વતંત્ર કેવી રીતે થાય? ગુલામીની જંજીર કેવા રીતે તોડે? આત્મા સ્વતત્ર થાય ત્યારે કેવી સ્થિતિમાં હોય? તે વગેરે જેનાથી સમજાય તતું નામ જિનેશ્વરે જણાવેલ નવતત્વ આત્માના સ્વરૂપને બાધક થનારા જે સાધનો તેનું નામ **આશ્રવ** આ આશ્રવ એટલે આત્માને સ્વતત્રતા મેળવવા માટે તૈયાર થતો અટકાવવા માટેના કર્મો આવવાના ખુલ્લાં દ્વાર. તેમતે રોકવા તેનું નામ **સંવર** કર્મોનો નાશ કરવો તે **નિર્જરા** કર્મોને બાળી નાખવા તેનું નામ જ **મોક્ષ**.

દુનિયામાં પણ શત્રુનો ભય કયા સુધી? તો તે હયાત હોય ત્યાં સુધી મરી ગયેલ શત્રુનો ભય કોઈ દહાડો ન હોય, તેથી આ કર્મ માટે શબ્દ કયો વાપર્યો? તા કે બળવાનો. શુકલ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધ્યાનને અગ્નિની અને કર્મોને લાકડાની ઉપમા આપી, તે બાળી નાખવા માટે જ આમ કર્મોને બાળવા શા માટે? તો ફરી તેનો ભય રહે નહિ તે માટે. કર્મો સર્વથા બળી જાય ત્યારે આત્માનું સ્વરૂપ પ્રગટ થાય. આ સુખ ભાવી અનંત હોવાથી તે જ આત્માની આદિ અનંત સ્થિતિ વાળી આબાદી અને આઝાદી પુદ્ગલની પરાધીનતામાંથી અને કર્મોની ગુલામીમાંથી સદાને માટે છૂટયા તેનું નામ જ આઝાદી.

આત્માની આડખીલી અને આધીનતા વગરની દશા કઈ? જેમાં કર્મની આડખીલી અને પદ્ગલની! પરાધીનતા ન હોય તે દશા કઇ? તે કેવળ મોક્ષ જ

મોક્ષ કેવો છે?

તો જયાં કોઇ કાળે ગર્ભમાં નવ માસ ઉંધે મસ્તકે રહેવાનું નહિ. તેવો છે. જન્મ, જરા અને મરણના દુઃખો કદી નજીક ન આવે એવો છે આધિ, વ્યાધિ અને ઉપાધિના અભાવવાળો છે

"હુ" ઉપર આખા જગતનો સ્વભાવ, વ્યવહાર અને આધાર છે, પણ 'હુ' એટલે કોણ તેનો ખુલાસો નહિ 'હું ઉપર જગતનું આખું મંડાણ છે આ 'હુ' નો ખુલાસો સમજાવે તેને પરમેશ્વર માનીએ છીએ. તે દ્વારા સ્વતંત્રતાનું સર્જન થવાનું છે, જે દેશ પોતાનો ઇતિહાસ ન જાણે તે કોઈ દહાડે ઊંચી સ્થિતિએ આવી શકે નહીં

અહીં પણ જે મનુષ્ય આત્માનું સ્વરૂપ તથા તેની સ્થિતિ નથી જાણતો તે ઉન્નતિમાં આવવા માટે લાયક જ નથી. જે મનુષ્ય આત્માનું સ્વરૂપ આત્માની સ્થિતિ જાણતો હોય તે જ ઉન્નતિમાં આવવા લાયક ગણાય. માટે જ આત્માનું સ્વરૂપ અને આત્માની સ્થિતિને જણાવનાર જે છે તેને આપણે પરમેશ્વર માનીએ છીએ.

જૈન અને જૈનેતરો બંનેય પરમેશ્વરને માને છે તેમાં માત્ર એક 'ત' અને 'ન' અક્ષરનો ફરક છે, જૈનેતરો પરમેશ્વરને બનાવનાર તરીકે માને છે; ત્યારે જૈનો પરમેશ્વરને બતાવનાર તરીકે માને છે, શું બતાવવાનું? તો કે જેમ ઇન્દ્રજાલિયા ઇન્દ્રજાળ બતાવે, કોઈ જેમ નાટક-સિનેમા બતાવે તેવું અહિં બતાવવાનું નથી. અહિં તો આત્માનું ખરૂં સ્વરૂપ બતાવવાનું છે.

તેવી રીતે સ્વતંત્રતા મેળવા તરફ સિદ્ધ કરવા તરફ કોણ કેડ બાંધે? કેવળ એકજ, જાત મનુષ્ય જ તે સિવાય ત્રણે ગતિમાંથી કોઈ સ્વતંત્રતાના સાચા સાધન તરફ કેડ બાંધતો નથી.

## ❋ અભ્યાસ અંગે લોન સહાય ❋

શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થી/વિદ્યાર્થીનીને એન્જીનયરીંગ, આર્કિટેકચર, દાકતરી, ચાર્ટર્ડ એકાઉન્ટસી તથા કોસ્ટ એકાઉન્ટસી, બિઝનેસ મેનેજમેન્ટ, લલિતકળા, જૈન ધર્મના ઉચ્ચ અભ્યાસ માટે, ડિગ્રી અભ્યાસ માટે **ધોરણ-૧૨** ની પરીક્ષા પસાર કર્યા પછી અને ડિપ્લોમાના અભ્યાસ માટે એસ. એસ. સી પરીક્ષા પસાર કર્યા પછી ટ્રસ્ટના નિયમાનુસાર લોનરૂપે આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી જન્મ શતાબ્દિ શિક્ષણ ટ્રસ્ટ તરફથી સહાય આપવામાં આવે છે, તે માટેનું નિયત અરજીપત્રક રૂા. ૨-૩૦ મ. ઓ. દ્વારા અથવા ટપાલ ટિકીટો મોકલવાથી નીચેના સરનામેથી મળશે. અરજીપત્રક સ્વીકારવાની છેલ્લી તારીખ ૩૦મી જુલાઈ છે.

**આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી**
**જન્મશતાબ્દિ શિક્ષણ ટ્રસ્ટ**
C/o. શ્રી મહાવીર જૈન વિદ્યાલય
ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, **મુંબઇ-૪૦૦૦૩૬**

For Private And Personal Use Only

# દરેક લાયબ્રેરી તથા ઘરમાં વસાવવા જેવા અલભ્ય ગ્રંથો

| સંસ્કૃત ગ્રંથો | કીંમત |
|---|---|
| ત્રીશષ્ઠી શ્લાકાપુરુષ ચરિતમ્ મહાકાવ્યમ્ ૨-પૂર્વ ૩-૪ પુસ્તકાકારે (મૂળ સંસ્કૃત) | ૨૦-૦૦ |
| ત્રિશષ્ઠિ શ્લાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ પર્વ ૨-૩-૪ પ્રતાકારે (મૂળ સંસ્કૃત) | ૨૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૧લો | ૪૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૨જો | ૪૦-૦૦ |
| શ્રી નિર્વાણ કેવલી ભુક્તી પ્રકરણ-મૂળ | ૧૦-૦૦ |
| જિનદતા આખ્યાન | ૮-૦૦ |
| શ્રી સાધુ-સાધ્વી યોગ્ય આવશ્યક ક્રિયાસૂત્ર પ્રતાકારે | ૫-૦૦ |
| પ્રાકૃત વ્યાકરણમ્ | ૨૫-૦૦ |
| **ગુજરાતી ગ્રંથો** | |
| શ્રી શ્રીપાળરાજાનો રાસ | ૨૦-૦૦ |
| શ્રી જાણ્યું અને જોયું | ૩-૦૦ |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો | ૭-૦૦ |
| શ્રી કથારત્ન કોષ ભાગ ૧લો | ૧૪-૦૦ |
| શ્રી આત્મકાન્તિ પ્રકાશ | ૩-૦૦ |
| શ્રી જ્ઞાનપ્રદીપ ભાગ ૧-૨-૩ સાથે લે. સ્વ. પૂ.આ. શ્રીવિ. કસ્તુરસૂરીશ્વરજી | ૨૦-૦૦ |
| શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૧ | ૧૫-૦૦ |
| ” ” ભાગ ૨ | ૩૫-૦૦ |

| ગુજરાતી ગ્રંથો | કીંમત |
|---|---|
| શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન | ૬-૦૦ |
| વૈરાગ્ય ઝરણા | ૨-૫૦ |
| ઉપદેશમાળા ભાષાંતર | ૩૦-૦૦ |
| ધર્મ કૌશલ્ય | ૩-૦૦ |
| નમસ્કાર મહામંત્ર | ૩-૦૦ |
| પૂ૦ આગમ પ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલી વિશેષાંકઃ પાકુ બાઈન્ડીંગ | ૮-૦૦ |
| ધર્મબીન્દુ ગ્રંથ | ૧૦-૦૦ |
| સુક્ત રત્નાવલી | ૦-૫૦ |
| સુક્ત મુક્તાવલી | ૦-૫૦ |
| જૈન દર્શન મીમાંસા | ૩-૦૦ |
| શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર | ૧-૦૦ |
| આર્હત્ ધર્મપ્રકાશ | ૧-૦૦ |
| આત્માનંદ ચોવીશી | ૧-૦૦ |
| બ્રહ્મચર્ય ચારિત્ર પૂજાદિત્રયી સંગ્રહ | ૩-૦૦ |
| આત્મવલ્લભ પૂજા | ૧૦-૦૦ |
| ચૌદ રાજલોક પૂજા | ૧-૦૦ |
| **નવપદજીની પૂજા** | ૩-૦૦ |
| ગુરુભક્તિ ગહુંલી સંગ્રહ | ૨-૦૦ |
| ભક્તિ ભાવના | ૧-૦૦ |
| હું અને મારી બા | ૫-૦૦ |
| જૈન શારદા પૂજનવિધિ | ૦-૫૦ |

લખો :- **શ્રી જૈન આત્માનંદ સભા** ખારગેઈટ, ભાવનગર (સૌરાષ્ટ્ર)



તંત્રી : શ્રી પોપટભાઈ રવજીભાઈ સલોત શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ, આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.